# પ્રાંતિજ સિંધી સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું

## મહિલા પોલીસનો હુરીયો બોલાવી શિક્ષાત્મક પગલાં ભરવાં માંગ : આવતીકાલે બાઇક રેલી યોજી સિંધી સમાજનાં ભાઇઓ રોષ ઠાલવશે

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં સિંધી સમાજનાં ભાઈઓ દ્વારા અમદાવાદમાં બનેલ નીંદનીય અપમાન જનક ઘટનાને લઈને પ્રાંતિજ- તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

અમદાવાદ ખાતે પવિત્ર ચેટીચાંદની ઉજવણીના અંતર્ગત નિકળેલ ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલની શોભાયાત્રા દરમ્યાન ડી.સી.પી. ઝોન- ૪ ની લેડીસ પોલિસ પરિક્ષીત રાઠોડ દ્વારા ભગવાન ઝુલેલાલની જ્યોતને લઈને જતી લારીને જોરથી લાત મારતાં જયોત બુઝાઈ જતાં ભગવાન ઝુલેલાલનું અપમાન કરનાર લેડીઝ પોલિસને તથા તેમના સહયોગીઓ સામે કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ સાથે પ્રાંતિજ તથા તાલુકામાં રહેતાં સિંધી સમાજના આગેવાનો, કાર્યકરો અને સમાજના ભાઈઓએ એકઠાં થઈને રેલી યોજી સુત્રોચ્ચાર કરી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ કલેક્ટર કચેરીએ જઈને પ્રાંતિજ- તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું.



# પાલનપુર પાલિકાની વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં અંદાજે ૩૮ ટકા મતદાન

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની વોર્ડ નં.૭ની ખાલી પડેલી એક બેઠક માટેની પેટા ચૂંટણી યોજાઈ હતી. ભાજપ-કૉંગ્રેસ વચ્ચેના પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગમાં અંદાજે ૩૮.૨૩% મતદાન થયું હોવાના અહેવાલ મળ્યા છે.



પાલનપુર પાલિકાની વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં કૉંગ્રેસી ગોત્ર ધરાવતા અશોક પુરોહિત ભાજપમાંથી જયારે ભાજપી ગોત્ર ધરાવતા અમૃત દાઢીના પુત્ર કૌશલ જોશી કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી જંગ લડી રહ્યા છે.

વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં મતદારોના નિરુત્સાહ વચ્ચે અંદાજે ૩૮.૨૩% મતદાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે. ત્યારે મતદારોના અકળ મૌન વચ્ચે પાંગળા મતદાનને પગલે જીતનો દાવો કરનાર બંને ઉમેદવારોના જીવ તાળવે ચોટયા છે. ત્યારે હવે સૌની મીટ મતગણત્રી સામે મંડાઈ છે.

# નવા બાકરપુર પ્રાથમિક શાળામાં દ્વિતિય વાર્ષિકોત્સવ ઉજવાયો

## શાળાની એકથી પાંચની કુલ-૨૫ સંખ્યામાંથી વિદ્યાર્થીઓએ ૧૮ કાર્યક્રમોમાં ભાગ લીધો : સાબરકાંઠામાં પ્રથમવાર પ્રાથમિક શાળાનો પ્રોજેક્ટર દ્વારા લાઈવ પ્રોગ્રામ યોજાયો

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના નવા બાકરપુર




પ્રાથમિક શાળા ખાતે દ્વિતિય વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને આવનાર મહેમાનો પ્રેક્ષકો તથા વાલીઓના દિલ જીતી લીધાં હતા.

પ્રાંતિજના નવા બાકરપુર પ્રાથમિક શાળા ખાતે દ્વિતિય વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં આવનાર મહેમાનો તથા દાતાઓને શાળા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું, જયારે શિવ વંદના, બાળ ગીત, તેરી લાડકી મે, વ્યસન મુક્તિ નાટક, ફિલ્મી ગીતો, હાસ્ય નાટક સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને બાળકોએ આવનાર મહેમાનો વાલીઓ તથા પ્રેક્ષકોના દિલ જીતી લીધાં હતાં. જયારે શાળામાં એકથી પાંચ ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૨૫ છે અને અલગ-અલગ ૧૮




પ્રોગ્રામોમાં બાળકોએ ભાગ લઈને આવનાર મહેમાનો વાલીઓ અને પ્રેક્ષકો અને દાતાઓના દિલ જીતી લીધા હતાં જયારે સાબરકાંઠામાં સૌ પ્રથમવાર નવા બાકરપુર પ્રાથમિક શાળામાં ક્રીન ઉપર લાઈવ પ્રોગ્રામ બતાવવામાં આવ્યો હતો અને બાળકોનો આટલો સુંદર પ્રોગ્રામ જોઈને ગ્રામજનો પણ દંગ બની ગયા હતા. અને એસ.એમ.સી સભ્યો તથા ગ્રામજનોનું પણ યોગદાન રહ્યું હતું જયારે આ પ્રસંગે તાલુકા શિક્ષણ સંઘના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, જાયન્ટ્સ ગ્રુપના સ્થાપક ડૉ. એન. કે. ડેરિયા, વ્રજેશભાઈ ભાવસાર, એસ.એમ.સી ના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને શાળાના આચાર્ય તપેન્દ્રભાઈ રાવલ તથા શાળાના શિક્ષિકા હિનાબેન જોષી તથા બાળકોની કામગીરી બિરદાવી હતી જયારે કાર્યક્રમનું સફળ સંચાલન હરેશભાઈ પટેલ તથા મીઠાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



અરવલ્લી જિલ્લામાં ગઈ કાલે બીજી એપ્રિલે રવિવારે જિલ્લાના મોટા ભાગના ૦ થી ૫ વર્ષની વયના બાળકોને આવરી લઈને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આ કામગીરી અને વ્યવસ્થા માટે જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા પણ કરી દેવાઈ હતી.

# થરાદ ખાતે ખેડૂત શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના થરાદ મુકામે કેન્દ્રીય કૃષિ અને પંચાયત વિભાગના રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને ખેડૂત શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા મંત્રીએ જણાવ્યું હતું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનથી ભારતનું વૈશ્વિક કક્ષાએ ગૌરવ વધ્યુ છે. તેમણે કહ્યું કે ભારતના વિકાસ અને સુશાસનની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાય છે તે આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે. મંત્રીએ કહ્યું કે આતંકવાદી તત્વોને ડામી દેવા પ્રથમ વખત સર્જીકલ સ્ટ્રાઈક કરીને દુશ્મનોને જડબાતોડ જવાબ આપીને ભારતે તેની શક્તિઓ તથા ઈરાદાનો પરીચય આપી દીધો છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને લીધે



દેશની રાજનીતિમાં શ્રેષ્ઠ બદલાવ આવ્યો છે. તેમણે કહ્યું કે આવા સમર્થ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ આગામી પાંચ વર્ષમાં દેશભરના ખેડૂતોની આવક બમણી કરાશે. મંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી કૃષી સિંચાઈ યોજના હેઠળ દેશભરના ખેડૂતોને સિંચાઈ માટે પુરતુ પાણી આપવા કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦ હજાર કરોડની જંગી રકમની જોગવાઈ કરવામાં આવી છે તેમજ સુદૃઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વણથંભી વિકાસયાત્રા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના શાસનમાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં ખેડૂતોએ અભૂતપૂર્વ પ્રગતિ કરીને રાજયનું અને દેશનું ગૌરવ વધાર્યુ છે. તેમણે ઉમેર્યું કે હિન્દુસ્તાનમાં દાડમની એક નંબરની ખેતી કરતો જિલ્લો બનાસકાંઠા છે. મંત્રીએ કહ્યું કે જેમ નેવાના પાણી મોભે ચડે તેમ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના પાણી વાયા બનાસકાંઠા થઈને રાજસ્થાન સુધી પહોંચાડી મહાન કામ કર્યુ છે.

# થરાદ ખાતે કૃષિ કોલેજ અને છાત્રાલયનો શિલાન્યાસ કરાયો

થરાદ, તા. ૨

થરાદ મુકામે કેન્દ્રીય કૃષિ અને પંચાયત રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના હસ્તે રૂ. ૩૬ કરોડના ખર્ચથી નિર્માણ પામનાર અદ્યતન સુવિધા ધરાવતા કૃષિ મહાવિદ્યાલયના બિલ્ડીંગ અને છાત્રાલયનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે થરાદ મુકામે અત્યારે કૃષિ મહાવિદ્યાલયમાં કુલ ૧૧૫ વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. નવિન બિલ્ડીંગમાં બોયઝ અને ગર્લ્સ હોસ્ટલ પણ બનશે. નવિન કૃષિ મહાવિદ્યાલયમાં કુલ ૧૨ જેટલી ફેકલ્ટીઓમાં અભ્યાસની સુવિધા ઉપલબ્ધ બનશે.

શીલાન્યાસ પ્રસંગે કૃષિ અને ઉર્જા મંત્રી ચિમનભાઈ સાપરીયા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજયમંત્રી કેશાજી ચૌહાણ, ધારાસભ્ય પરબતભાઈ પટેલ, પૂર્વ મંત્રી આભાર નિહારીકા રવિયા હરજીવનભાઈ પટેલ, દાંતીવાડા કૃષિ યુનિ. ના વી.સી. ડૉ. અશોક પટેલ, રજીસ્ટ્રાર એચ.એન.ખેર, અગ્રણીઓ સર્વ ઉમેદદાન ગઢવી અને જીવરાજભાઈ પટેલ સહિત અગ્રણીઓ, અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




## ધાનેરામાં ગૌ સેવા સમિતિ દ્વારા ફટાકડા ફોડી ખુશી મનાવી

ધાનેરા માં ગૌસેવા સમિતિ ધ્વરા ગુજરાતે કરેલ ગૌહત્યા પ્રતિબંધ ના નિર્ણય ને વધાવી લીધો હતો અને ફટાકડા ફોડી એક બીજા ના મોં મીઠા કરાવી ખુશી માનવી હતી. ગુજરાત સરકાર ધ્વરા જે ગૌહત્યા પ્રતિબંધ માટે નિર્ણય લેવામાં આવ્યો છે તેનાથી સમગ્ર ગુજરાત રાજ્ય માં ભારે ખુશી નો માહોલ નો જોવા મળી રહ્યો છે અને લોકો ખુશી માનવી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા ગૌસેવા સમિતિ ધ્વરા ધાનેરા જુના બસસ્ટેન્ડ માં ફટાકડા ફોડી એક બીજા ના મોં મીઠા કરાવી ખુશી માનવી હતી.



## પ્રાંતિજમાં શ્રી વેરાઈ માતાએ ચૈત્રી નવરાત્રીનો રંગ જામ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આદ્યશકિત આરાધના પર્વ ચૈત્રી નવરાત્રીના પાંચમા નોરતે વેરાઈ મંદિરે નવરાત્રીનો રંગ જામ્યો હતો અને ગરબા રસિકો ગરબાના તાલે ગુમતા નજરે પડયાં હતા. પ્રાંતિજ આરામગૃહ નાની ભાગોળ પાસે આવેલ શ્રી વેરાઈ માતાના મંદિર ખાતે મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ૩૦મો નવરાત્રી મહોત્સવ યોજાઈ રહ્યો છે ત્યારે પ્રાંતિજ વેરાઈ મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા રંગબેરંગી લાઈટોથી મંદિર સંકુલ સહિત ચોકની સજાવટ કરવામા આવી છે અને પાંચમાં નોરતાએ મ્યુઝિક ગૃપ કલાકારો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં ગરબા રસિકો મા ના ચોકમાં મનમુકીને ગરબે ગુમ્યા હતા. જયારે ચૈત્રી નવરાત્રી પ્રસંગે પ્રાંતિજ તથા તાલુકામાંથી હજારો માઈ ભકતો શ્રી વેરાઈમાતાના દર્શનાર્થે આવે છે અને મા ના દર્શન કરી ધન્યતા અનુભવે છે જયારે મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

# મોડાસા તાલુકાના ગાજણ સહિત જુદા જુદા ત્રણ ગામોમાં સેવાસેતુ કાર્યક્રમ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગાજણ સહિત જુદા જુદા ત્રણ સ્થળોએ સેવાસેતુ કાર્યક્રમ યોજા.ો હતો. જેમાં આરોગ્ય વિભાગ, પાણી પુરવઠા, ઉર્જા વિભાગ, સિંચાઈ વિભાગના પ્રશ્નોના નિકાલ કરવામાં આવ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરિકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવી શકાય તેમજ પ્રજાલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે સેવાસેતુ કાર્યક્રમો યોજાતા હોય છે.

જેમાં પ્રાંત કક્ષાનો યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ મોડાસા તાલુકાના ગાજણમાં પ્રજાલક્ષી વિવિધ ૫૦૧ પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જયારે શિણોલ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રજાલક્ષી વિવિધ ૩૯૨ પ્રશ્નો, પાલ્લા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૩૪૧ અને વાઘપુર ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં આરોગ્ય, પાણી-સિંચાઈ, ઉર્જા સહિતના વિવિધ પ્રજાલક્ષી ૨૮૦ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

# પ્રાંતિજ એસ.ટી.ડેપોમાંથી એલઈડીની ચોરી થતાં ફરીયાદ

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એસટી બસ ડેપોમાંથી અજાણ્યા ચોર ઈસમો દ્વારા રાત્રીના સમયે એલઈડી ચોરી કરી લઈ જતાં પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ એસ.ટી.બસ ડેપોમાંથી રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ડેપોમાં પ્રવેશ કરી બસ કન્ટ્રોલરૂમની ઓફિસ ઉપર બહારની સાઈડમાં દિવાલ ઉપર જીપીએસ સિસ્ટમથી કાર્યરત એલજી કંપનીનું ૩૨ ઈચનું એલઈડી જેની કિંમત રૂપિયા ૨૬ હજાર કોઈ અજાણ્યા ચોર ઈસમો રાત્રીના સમયે ચોરી કરી લઈ જતા પ્રાંતિજ એસટી ડેપોમાં ફરજ બજાવતા કર્મચારી પ્રવિણભાઈ મણીભાઈ પટેલ રહે. વદરાડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા એલઈડી ચોર સામે ફરીયાદ લખાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.